# ‘મા’ તારો ગરબો ઝાકમઝોળ, ઘુમે ગોળગોળ

## ભારતના સ્ટાર એથ્લેટ્સ અમોજ જેકોબ, પ્રવીણ ચિથ્રાવેલ અને જેસ્વીન એલ્ડ્રિન ગાંધીનગર કલ્ચર ફોરમમાં ખેલૈયાઓ સાથે મન મૂકીને ગરબે રમ્યા :ગાંધીનગરના મેયર શ્રી હિતેશ મકવાણા, તેમના ધર્મપત્ની અભિનેત્રી રોમા માણેક, પૂર્વ મેયર રીટાબેન પટેલ અને કેતનભાઇ પટેલ તથા શ્રી પ્રેમલસિંહ ગોલ અને શ્રી જશુભાઈ પટેલે માતાજીની આરતી ઉતારી












ટોકિયો ઑલિમ્પિક ગેમ્સમાં ૨૦૨૦માં ૪૦૦મીટર રેસમાં એશિયન રેકોર્ડ બ્રેક કરનાર સ્પ્રિન્ટર અમોજ જેકોબ, ઈંગ્લેન્ડમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ માં ત્રિપલ જમ્પમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને ચોથો ક્રમ હાંસલ કરનાર પ્રવીણ ચિથ્રાવેલ અને હાલમાં ગુજરાતમાં યોજાઈ રહેલી ૩૬ મી નેશનલ ગેમ્સમાં લોંગ જમ્પમાં ગોલ્ડ મેડલ જીતીને બુડાપેસ્ટમાં ૨૦૨૩ માં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ક્વોલીફાઈડ થનાર જેસ્વીન ઍલ્ડ્રિને ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં મન મૂકીને ગરબા કર્યા હતા. ખેલૈયાઓ પાસેથી તેમણે જીસીએફ ગ્રાઉન્ડમાં જ ગરબાના સ્ટેપ શીખ્યા અને પછી તુરંત ખુબ સરસ રીતે ગરબા કર્યા હતા. ગુજરાતની આ ભાતીગળ પરંપરાથી આ ત્રણેય રમતવીરો અત્યંત પ્રભાવિત થયા હતા.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં છટ્ઠા નોરતે ગાંધીનગરના મેયર શ્રી હિતેશ મકવાણા, તેમના ધર્મપત્ની અને ગુજરાતી ફિલ્મોના જાણીતા અભિનેત્રી રોમા માણેક, ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશુભાઈ પટેલે માતાજીની આરતી ઉતારી હતી. તેમની સાથે પૂર્વ મેયર શ્રીમતી રીટાબેન પટેલ અને શ્રી કેતનભાઈ પટેલ પણ જોડાયા હતા. કડી વિશ્વ વિદ્યાલયના અધ્યક્ષ સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ, ગુજરાતની જાણીતી હાર્ટ હોસ્પિટલ સીમ્સના સંચાલકો શ્રી ડૉ. ધીરેન શાહ, શ્રી ડૉ. હિરેન ધોળકિયા તથા તમામ ડિરેક્ટર્સ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં પધાર્યા હતા, એટલું જ નહીં મન મૂકીને ગરબે ઘુમ્યા હતા. ગુજરાતી સુગમ સંગીતમાં શિરમોર એવા વરિષ્ઠ ગાયિકા આદરણીય વિભાબેન રાસબિહારી દેસાઈ અને સુપ્રસિદ્ધ ઉદઘોષિકા માર્ગી હાથી પણ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા માણવા પધાર્યા હતા.

છટ્ઠા નોરતે ફરી એક વખત ગુજરાતી સુગમ સંગીતના વર્તમાન સમયના સુપ્રસિદ્ધ ગાયિકા હિમાલી વ્યાસ નાઈકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં ખેલૈયાઓને ગરબે રમાડ્યા હતા. બેસ્ટ પર્ફોમન્સ પ્રિન્સેસ તરીકે ચેતના શાહ અને પ્રિન્સ તરીકે આશિષ પરમાર વિજેતા થયા હતા. દર્શના ઠાકર અને મુકેશ ઠાકોર રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ પેર તરીકે કરિશ્મા પાટડીયા અને નિર્મલ શ્રીમાળી વિજેતા થયા હતા. જ્યારે કશિશ જયસ્વાલ અને ભૌમિક રાવતની જોડી રનર્સ અપ રહી હતી. બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ તરીકે સ્તુતિ ઓઝા વિજેતા થયા હતા. જ્યારે કાનન પુરોહિત રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ડ્રેસની કેટેગરીમાં કરણ પુરબિયા વિજેતા અને રાજ ભાવસાર રનર્સ અપ રહ્યા હતા

બેસ્ટ કિંગ; ૩૫ વર્ષથી વધુ વયના ખેલૈયાઓ માટેની આ કેટેગરીમાં ધીરજ રાઠોડ વિજેતા થયા હતા અને હર્ષદ સોલંકી રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ક્વીન તરીકે કાનન આચાર્ય અને રનર્સ અપ તરીકે હેતલ ભટ્ટી વિજેતા થયા હતા. બેસ્ટ ટીનેજર-પ્રિન્સેસ તરીકે કાવ્યા પટેલ વિજેતા થયા હતા જ્યારે રિયા શાહ રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ટીનેજર-પ્રિન્સ તરીકે નંદીશ રાવલ વિજેતા થયા હતા અને વ્યોમ દરજી રનર્સ અપ રહ્યા હતા. સાત થી બાર વર્ષની વયજૂથની બેસ્ટ કીડ કેટેગરીમાં ધરતી સંઘવી અને વિહાન ચૌહાણ વિજેતા થયા હતા. જ્યારે મહિમ્ના મેવાડા અને ઑમ નાગર રનર્સ અપ રહ્યા હતા. સાત વર્ષ સુધીના બાળકો માટેની બેસ્ટ ચાઈલ્ડ કેટેગરીમાં નવ્યા મહર્ષિ ઠાકર અને પ્રિન્સ સંઘવી વિનર રહ્યા હતા. જ્યારે માહી પટેલ અને વિઆન ધ્રુવ શાહ રનર્સ અપ રહ્યા હતા.

શ્રીમતી બિંદુ ઉપાધ્યાય કડવે, શ્રીમતી ફાલ્ગુની હિરેન, શ્રી નયનભાઈ ઉપાધ્યાય, શ્રીમતી આરતી ઋષિકેશ ભટ્ટ અને શ્રી દેવેશ શ્રીવાસ્તવે નિર્ણાયકો તરીકે સેવાઓ આપી હતી.

# મુખ્યમંત્રીએ પોરબંદર પહોંચી ગાંધી બાપુને આપી શ્રદ્ધાંજલિ

## ગાંધી જન્મસ્થળ કીર્તિમંદીર ખાતે પ્રાર્થના સભામાં આપી હાજરી

પોરબંદર, તા.૨

આજે વિશ્વફલક ઉપર અહિંસાનું મહત્વ સમજાવનારા અને દેશને આઝાદી અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજનારા બાપુની જન્મજયંતિ છે. આજે આખો ભાર દેશ મહાત્મા ગાંધીની ૧૫૩મી જન્મજયંતિ ઉજવશે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપિતાને રાજઘાટ પહોંચીને શ્રદ્ધાંજલિ આપી છે. તો સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગેએ રાજઘાટ પહોચી મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી. રાજઘાટ પર આજે સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરાયું છે.

ત્યારે ગાંધીજીના જન્મસ્થળ અને કર્મભૂમિ પોરબંદરમાં સર્વધર્મ પ્રાર્થના સભામાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હાજરી આપી. પોરબંદર એટલે ગાંધી બાપુનું જન્મસ્થળ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આજે ૧૫૩મી જન્મ જયંતી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કીર્તિમંદિર પહોંચ્યા હતા. ગાંધીજીના જન્મસ્થળ કીર્તિમંદીર ખાતે સર્વધર્મ પ્રાર્થનાસભાનું આયોજન કરાયુ હતું. દર વર્ષની પરંપરા મુજબ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહ્યાં. તો કેબિનેટ મંત્રી રાઘવજી



પટેલ, પોરબંદરના ધારાસભ્ય તેમજ વહીવટી તંત્રના અધિકારીઓ પણ હાજર રહ્યાં. પ્રાર્થનાસભામાં હાજરી બાદ મુખ્યમંત્રીએ સિટી બસ સેવાને લીલીઝંડી આપી. તેમજ મુખ્યમંત્રી ખારવા સમાજની મઢી ખાતે આગેવાનો સાથે પણ મુલાકાત કરી હતી. તો બીજી તરફ, અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે પણ સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું. કેરળના રાજ્યપાલ આરીફ મોહંમદની હાજરીમાં તેમજ સર્વ ધર્મના અગ્રણીઓ દ્વારા પ્રભુની પ્રાર્થના કરવામાં આવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે, ગાંધીજયંતિ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી. આ ગાંધી જયંતિ વધુ વિશેષ છે કારણ કે ભારત આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે. બાપુના આદર્શો પર હંમેશા જીવતા રહો. હું તમને ગાંધીજીને શ્રદ્ધાંજલિ રૂપે ખાદી અને હસ્તકલા ઉત્પાદનો ખરીદવાની પણ વિનંતી કરું છું.



ગાંધીનગર, મોરબી અને આણંદ જિલ્લાને હર ઘર જલ યોજનાના પ્રમાણિત થયેલા જિલ્લાઓમાં શ્રેષ્ઠ કામગીરી માટે આજે નવી દિલ્હી ખાતે યોજાયેલ એક સમારોહમાં એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા વતી યનિટ મેનેજર એન.ટી. પરમાર અને ડિસ્ટ્રીક્ટ કોર્ડિનેટર અપેક્ષા પટેલે આ એવોર્ડ સ્વીકાર્યો હતો. ત્રણેય જિલ્લાઓને એક સાથે આ એવોર્ડ અપાયો હતો તે પ્રસંગની તસ્વીર. જિલ્લામાં ૧૦૦ ટકા ઘરોમાં નલ સે જલ અંતર્ગત કામગીરી કરી દેવામાં આવી છે. રાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત થયેલ જિલ્લાઓમાં ૬ રાજ્યોના ૨૮ જિલ્લાઓને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આજે જલ મિશન દ્વારા ૬ કેટેગરીમાં એવોર્ડ આ સમારોહમાં એનાયત કરવામાં આવ્યા હતા.

## અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી ખાતે દાંડિયા ૨૦૨૨



નવરાત્રી પર્વ નિમિત્તે અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી અને બાયો રીસર્ચ ઈન્સ્ટી. અડાલજ ખાતે નવરાત્રી દાંડિયા-૨૦૨૨નું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફમિત્રો ગરબે ઘુમ્યા હતા. સંસ્થાના પ્રિન્સીપાલ તથા આમંત્રિત મહેમાનોની હાજરીમાં માતાજીની આરતી કરીને ગરબાની શરૂઆત કરાઈ હતી. અંતમાં ઈનામ વિતરણ પણ કરાયું હતું. જેમાં બેસ્ટ કોસ્યુમ, બેસ્ટ ગરબા સ્ટાઈલ અને ખેલૈયાઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

## સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨

સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ સેક્ટર-૨૧ હવેલી મંદિરમાં રવિવાર તથા દશેરાની રજા સિવાય તારીખ ૧ ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર સુધી રાખવામાં આવેલો છે. જેનો લાભ લેવા અખબારી યાદી માં જણાવ્યું હતું.



વિજ્ઞાનભવન, નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુજી તથા જળશક્તિ મંત્રાલયના મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતની ઉપસ્થિતિમાં ‘સ્વચ્છ ભારત’ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ તથા ODF+ના વિવિધ ઘટકોની આઈઈસી હેઠળ ભીંતચિત્રોની સ્પર્ધામાં વિવિધ કેટેગરીમાં ૬ એવોર્ડ પ્રાપ્ત થયા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના કેબીનેટ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, ગ્રામ વિકાસ રાજ્યમંત્રી બ્રિજેશ મેરજા, ગ્રામવિકાસ વિભાગના કમિશનર સોનલ મિશ્રા, એસબીએમ-જીના સ્પેશ્યલ કમિશનર અક્ષયા બુડાનીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# રૂપાલ ગામે ૪થીએ પલ્લી યોજાશે

## ૨ વર્ષ બાદ ફરી વહેશે ઘીની નદી : આ ધાર્મિક કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે

ગાંધીનગર,તા.૧

પાંડવ કાળથી શરૂ થયેલી વરદાયની માતાની પલ્લીની પરંપરા આજે પણ રૂપાલ ગામમાં જીવંત છે. પ્રતિવર્ષ નવમા નોરતે માતાની પલ્લી ભરાય છે. દર વર્ષે લાખોની મેદની વચ્ચે નીકળતી વરદાયીની માતાજીની પલ્લી ગયા વર્ષે કોરોનાને કારણે થોડા લોકોની હાજરીમાં જ કાઢવામાં આવી હતી, ગામના અન્ય લોકોએ પણ પોતાના ઘરો કે ચોકમાં ઊભા-ઊભા જ પલ્લીના દર્શન કરી લીધા હતા. જ્યારે ગામના ૨૭ ચોકમાં પ્રતિકાત્મક રીતે ઘીને અભિષેક કરાયો હતો. ત્યારે આ વખતે સ્થિતિ સામાન્ય થતાં રૂપાલની પલ્લીનું વિધિવત રીતે આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બે વર્ષ બાદ સ્થિતિ સામાન્ય થતાં આ વર્ષે પરંપરા મુજબ વરદાયની માતાજીની પલ્લી ભરાશે. આ વખતે ૪ ઓકટોબરના રોજ આસ્થાની સાથે કોમી એકતાના પ્રતિકસમા રૂપાલનો આ પલ્લી મેળો યોજાશે. આ વખતે માતાજીના દર્શન કરવા માટે ૮ લાખ જેટલા ભક્તો આવે તેવી શક્યતાઓ છે. તેથી આ ધાર્મિક કાર્યક્રમમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. દર વર્ષે આસો સુદ નૌમના દિવસે ગાંધીનગરના રૂપાલ ગામમાં આનંદ અને ઉત્સાહનો મહાસાગર ઉમટે છે. ગામના તમામ કોમના લોકો કોઈ પણ જાતના ભેદભાવ વગર ઉમંગથી માના કામમાં લાગી જાય છે. આ ઉત્સવ હોય છે માતાજીની પલ્લીનો. દેશભરમાં માતા વરદાયીનીની પલ્લી પ્રખ્યાત છે. આ પલ્લીમાં હજારો-લાખો લીટર ઘીનો અભિષેક કરવામાં આવે છે. ધાર્મિક મહત્વની સાથે આ પલ્લી કોમી એખલાસના પણ દ્રશ્યો પાડે છે.કહેવાય છે કે માતા વરદાયીની તમામ દુઃખ દર્દ દૂર કરનારી અને ભક્તોની મનોકામના પૂર્ણ કરનારી દેવી છે. માતા વરદાયીના સ્મરણ માત્રથી ભક્તોના તમામ કષ્ટનો સંહાર થઈ જાય છે. ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં આવેલું માતા વરદાયીનું મંદિર અંતિ પ્રાચીન અને અલૌકિક છે. કહેવાય છે કે અહીં માતાજી સૃષ્ટીના નિર્માણ સમયથી જ બિરાજમાન છે. આદ્યશક્તિના નવ સ્વરૂપો પૈકી દ્રીવતિય સ્વરૂપ બ્રહ્મચારીણી હંસાવાહીની સ્વરૂપે રૂપાલમાં માતા વરદાયીની બિરાજમાન છે.

## ભાવવંદના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાબુભાઈ મેઘજીભાઈ શાહ, પૂર્વ મંત્રીઓ મહેન્દ્રભાઈ ત્રિવેદી અને અરવિંદભાઈ પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ ઉચ્ચ નિવૃત સનદી અધિકારી અને સાહિત્યકારો એવા ભાગ્યેશ જહા, વી.એસ. ગઢવી, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ સંજય થોરાટ, સ્ટૅટ બૅંક પેન્શનર્સ એસોસિએશનના મુખ્યા અશોક રિંડાણી, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો. અનિલ પટેલ, જાણીતા ગઝલકાર કિશોર જિકાદરા, વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના મીનલબેન ઓઝા, સંસ્કૃતિ પરિવારના પ્રતિમાબેન દવે, શિવરંજની સંસ્થાના વાગ્મિન બુચ, જાણીતા ટીવી નાટ્ય આર્ટિસ્ટ સલીલભાઈ, ઉદગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મયુર જોશી, ડૉ. દિનેશ ગજ્જર, નિલેશ થાનકી ઈત્યાદિ તેમ જ કોબાની કસ્તુરબા સ્ત્રી અધ્યાપન મંદિર સંસ્થાની વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. ગુજરાત વિદ્યાપીઠ સાદરાના વીસેક વિદ્યાર્થીઓએ રેંટિયા દ્વારા સુતરનું કાંતણ કર્યુ હતું. કાર્યક્રમના સમાપને પૂ.બાપુની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરાઈ હતી. કાર્યક્રમમાં કલા ગુર્જરીના એન.પી.પટેલ, જયરાજસિંહજી સરવૈયા, આશાબેન સરવૈયા, પ્રકાશભાઈ લાલા, અશોકભાઈ ત્રિવેદી, નીરેન બ્રહ્મભટ્ટ, મનોજભાઈ જોષી સહિત અન્ય હોદ્દેદારો સભ્યોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ જીટીપીએલની ચેનલ નં.૫૫૧ ‘ભક્તિ’ ચેનલ પર તેમજ કલા ગુર્જરી સંસ્થાના ફેસબુક પેજ પરથી કરાયું હતું.

## હરાજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રસ ધરાવનારે ૧૦મી સુધીમાં નોન રીફંડેબલ રૂપિયા ૧ હજાર ભરીને ફોર્મ મેળવવાનું રહેશે. જ્યારે હરાજીમાં ભાગ લેવા માટે ડિપોઝીટ તરીકે રૂપિયા ૨૦ હજારની રકમ સાથે તા ૧૧મી સુધીમાં ભરપાઈ કરવાની રહેશે. તા૧૩મીએ સવારે ૧૧ વાગ્યાથી દુકાનોની હરાજી પાંચ વર્ષ માટે કરવામાં આવશે ગાંધીનગર સરખેજ હાઈ વે પર આવેલા ગુડા ભવનમાં હરાજીની પ્રક્રિયા હાથ ધરાશે.

## આતંકી હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જમ્મુ અને કાશ્મીર પોલીસ કર્મચારીઓના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું જેમણે આજે ફરજની લાઈનમાં પોતાનો જીવ આપ્યો. હું ઘાયલ સીઆરપીએફ જવાનો પણ ઝડપથી સાજા થાય તેવી શુભેચ્છા પાઠવું છું.

આજે વહેલી સવારે જમ્મુ અને કાશ્મીરના શોપિયાંમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં લશ્કર-એ-તૈયબાનો એક આતંકવાદી માર્યો ગયો હતો. આતંકીની ઓળખ શોપિયાના નૌપોરા વિસ્તારના નસીર અહેમદ ભટ તરીકે થઈ છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સુરક્ષા દળોએ દક્ષિણ કાશ્મીર જિલ્લાના બાસ્કુચાન વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી વિશે ઈનપુટ મળ્યા બાદ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧